લેબગ્રોનના કારીગરોની આવક 75 ટકા ઘટી

પ્રતિ કેરેટ દરમાં 50થી 75% સુધીનો મજૂરી દર ઘટાડો અને મહિનામાં 12 દિવસની રજા

લેબગ્રોન ડાયમંડ કટિંગ, પોલિશિંગ માટે ગુજરાત સરકાર નવી વેતન નીતિ બનાવે : ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત

કુદરતી હીરામાં પ્રતિ કેરેટ રૂ. 1200થી વધુ મળતા હતા, પણ હવે લેબગ્રોન પોલિશિંગ માટે 500 રૂપિયાથી ઓછા મળે છે

સુરતઃ વૈશ્વિક હીરા બજારમાં સુધારાના સંકેતો દેખાઈ રહ્યા હોવા છતાં, વિશ્વનું સૌથી મોટું હીરા કાપવા અને પોલિશિંગ હબ સુરત વધુ સારા વ્યવસાયની આશા રાખી રહ્યું છે. પરંતુ ઉદ્યોગનો પાયો, તેના કારીગરો, વેતનમાં ઘટાડો થતાં ભારે તણાવમાં છે.

લેબગ્રોન હીરાના કારીગરોના વેતનમાં 50%થી 75%નો ઘટાડો થયો છે, કારણ કે તેઓ કુદરતી હીરાને પોલિશ કરવાથી લેબ (પ્રયોગશાળા) માં તૈયાર કરવામાં આવતા લેબગ્રોન ડાયમંડ (LGD) તરફ વળ્યા છે. કુદરતી હીરામાં અપૂરતા કામને કારણે, કારીગરોને LGD પોલિશિંગ લેવાની ફરજ પાડવામાં આવે છે. એક અંદાજ મુજબ, સુરતમાં હીરા ઉત્પાદનમાં લગભગ 800,000 કામદારો કાર્યરત છે.

2024-25માં ભારતની રત્ન અને ઝવેરાતની નિકાસ $28.5 બિલિયન હતી. આમાંથી કાપેલા અને પોલિશ્ડ કરેલા કુદરતી હીરા $13.2 બિલિયન હતા, જ્યારે પોલિશ્ડ LGD નિકાસ $1.2 બિલિયન હતી. આ ઉત્પાદનનો લગભગ બધો હિસ્સો સુરતમાંથી આવ્યો હતો.

કેટલાક રત્નકલાકારોના પરિવારની જીવનશૈલી સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. તેમણે એક વર્ષ પહેલા LGD પોલિશિંગ શરૂ કર્યું હતું પરંતુ કુદરતી હીરામાં કામ શોધી રહ્યા છે. "મને કુદરતી હીરામાં પ્રતિ કેરેટ રૂ. 1200થી વધુ મળતા હતા, પરંતુ હવે અમને સમાન પ્રકારના પોલિશિંગ કામ માટે રૂ. 500થી ઓછા મળે છે. વધુમાં, પૂરતું કામ નથી અને મહિનામાં 12 દિવસની રજા હોય છે,"

હીરા કારખાનેદારો માટે, ખર્ચનું સંચાલન કરવું એક પડકાર બની ગયું છે. વર્ષોથી કુદરતી હીરા પોલિશિંગ યુનિટ ચલાવતા કારખાનેદારોને પોતાનો વ્યવસાય ચાલુ રાખવા માટે LGD પોલિશિંગ શરૂ કરવું પડ્યું છે. તેઓ અગ્રણી ઉત્પાદકો પાસેથી ખરબચડા રફ હીરા મેળવ્યા પછી જોબવર્ક કરે છે. તેમના 12 કર્મચારીઓ હવે પ્રતિ કેરેટ રૂ. 350 કમાય છે, જે પહેલા રૂ. 1,200થી ઘટીને છે." જોબવર્ક યુનિટ્સમાં હવે ખૂબ જ પાતળું માર્જિન છે, અને વેતનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. યુનિટ અમને LGD માટે ચુસ્ત દરો આપે છે, અને આપણે તે રકમની અંદર તેને પોલિશ કરવું જોઈએ. જોબવર્ક યુનિટ્સ અને હીરા કારીગરો પાસે આ દરો પર કામ કરતા રહેવા સિવાય કોઈ વિકલ્પ નથી,"

રત્નકલાકારો બેહાલ, પ્રતિ કેરેટ કુદરતી હીરાના 150 રૂપિયા વેતન સામે લેબગ્રોનના માત્ર 50 રૂપિયા

"VG ગ્રુડ" કટમાં નિષ્ણાત રત્નકલાકારોનું કેહવું છે કે, તેઓ એક સમયે કુદરતી હીરા માટે પ્રતિ કેરેટ રૂ.150 કમાતા હતા. આજે, તેઓ LGD માટે પ્રતિ કેરેટ રૂ.50 કમાય છે. "LGDમાં કામ કરવાનું શરૂ કર્યા પછીના એક વર્ષમાં અમારી માસિક કમાણી અડધાથી પણ ઓછી થઈ ગઈ છે. મારી પાસે મારા વતનમાં કોઈ વિકલ્પ કે મિલકત નથી, તેથી હું પાછો ફરી શકતો નથી અને આ ઉમરે, હું નવી નોકરી શરૂ કરી શકતો નથી,"

તેજીમાં વેતન એટલું વધતું નથી, જેટલું મંદીમાં ઘટાડાય છે

ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, "સારા વ્યવસાયિક વર્ષોમાં, વેતનમાં વધારો વૃદ્ધિ સાથે મેળ ખાતો નથી, પરંતુ મંદીમાં, દર વખતે વેતનમાં ઘટાડો ખૂબ જ મોટો હોય છે. ઉદ્યોગમાં કોઈ નવા કામદારો આવી રહ્યા નથી. ઉદ્યોગના અસ્તિત્વ માટે હીરા કારીગરોના વેતન સંબંધિત નીતિ હોવી જોઈએ."

મનપા અને SVNIT સાથે શિવ રેસિ.ના રહીશોની ચર્ચા

શિવ રેસિડેન્સીના ચારેય ટાવર સુરક્ષિત હોવાનો પુનરોચ્ચાર

સુરતઃ ધરાશાયી થયેલા 'વિવાન' પ્રોજેક્ટની ડી-વોલ દુર્ઘટના બાદ શિવ રેસીડેન્સીની સ્ટ્રકચરલ સુરક્ષા મુદ્દે ઉઠેલી ચિંતાઓને લઈને સુરત મહાનગર પાલિકા દ્વારા ફ્લેટ ધારકો સાથે મહત્વની બેઠક યોજાઈ હતી. મનપાના સિટી ઈજનેર ભગવાગર, ડેપ્યુટી કમિશનર મનીષ ડોકટર અને ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીની હાજરીમાં એસવીએનઆઈટીના સ્ટ્રકચરલ તજજ્ઞો અને સોસાયટીના રહીશો વચ્ચે સીધી ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં એસવીએનઆઈટીની તજજ્ઞ ટીમે પોતાના રીપોર્ટ અંગે વિગતવાર સ્પષ્ટતા કરી હતી. તજજ્ઞોએ જણાવ્યું હતું કે મનપા દ્વારા સ્ટ્રકચરલ ઈજનેરોની કમિટીના અભિપ્રાય અનુસાર ડિઝાઈન મુજબ અર્થફિલિંગ અને કોંક્રિટિંગની કામગીરી પૂર્ણ કરાયા બાદ કરવામાં આવેલી ચકાસણીમાં શિવ રેસીડેન્સીની ચારેય બિલ્ડિંગો સંપૂર્ણપણે સ્ટ્રકચરલી સુરક્ષિત અને રહેવાલાયક હોવાનું સાબિત થયું છે. ફ્લેટ ધારકો દ્વારા રીપોર્ટના કેટલાક શબ્દો અને ટેકનિકલ મુદ્દાઓ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા, જેને એસવીએનઆઈટીના તજજ્ઞોએ સરળ ભાષામાં સમજાવ્યા હતા.

બેઠક દરમિયાન કેટલાક રહીશો દ્વારા પોતાના ફ્લેટની દિવાલોમાં તિરાડ અંગે ફરિયાદ કરવામાં આવતા તજજ્ઞોએ તે ફ્લેટોની સ્થળ પર જઈ તપાસ પણ કરી હતી. તપાસ બાદ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આ તિરાડો સ્ટ્રકચરલ નુકસાન દર્શાવતી નથી.

મનપા દ્વારા ફ્લેટ ધારકોને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે જો હજી પણ કોઈને શંકા હોય તો અન્ય કોઈ સ્વતંત્ર સ્ટ્રકચરલ ઈજનેરની ચકાસણી પણ મનપાના ખર્ચે કરાવવામાં આવશે. બેઠક બાદ મોટાભાગના ફ્લેટ ધારકો સંતોષ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા અને ખાલી કરાવવામાં આવેલા રહીશો ફરીથી પોતાના નિવાસસ્થાને પરત ફર્યા હોવાનું મનપાએ જણાવ્યું હતું. બેઠકનું મુખ્ય તારણ એ રહ્યું કે ડી-વોલ દુર્ઘટના પૂર્વે જે સ્થિતિમાં બિલ્ડિંગો હતી, એ જ સ્થિતિ આજે પણ યથાવત છે અને કોઈપણ પ્રકારનું વધારાનું સ્ટ્રકચરલ નુકસાન થયું નથી.

નર્સિંગ કાઉ.ના રાષ્ટ્રીય ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા પર હુમલો

વહેલી સવારે સિવિલના ગેટ પાસેની ઘટના, કડીવાલાને ઢીકમુક્કીનો માર માર્યા બાદ ચપ્પુ ઝીંકવા પ્રયાસ

ભાગેલા હુમલાખોરને લોકોએ ઝડપી પાડી પોલીસને સોંપ્યો, જૂની અદાવતમાં હુમલો થયાની વાત

સુરત : નવી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં સોમવારે વહેલી સવારે નર્સિંગ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ઉપ-પ્રમુખ ઈકબાલ કડીવાલા પર એક માથાભારે ઈસમે ચપ્પુ અને ઢીકમુક્કી વડે હુમલો કર્યો હતો. પોલીસ દ્વારા હુમલાખોરને ટૂંક સમયમાં ઝડપી પાડવામાં આવ્યો છે.

ખટોદરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, નર્સિંગ કાઉન્સિલના ઉપ-પ્રમુખ ઈકબાલ કડીવાલાને સોમવારે કોઈ અગત્યના કામકાજ અર્થે અમદાવાદ જવાનું હતું. જેથી તેઓ વહેલી સવારે આશરે 5:00 વાગ્યાની આસપાસ પોતાના ભત્રીજાની કાર લઈને ડ્રાઈવર પરેશભાઈ સાથે નવી સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ પાસેની કેન્ટીન નજીક ઉભા હતા. ત્યારે જ અચાનક ચેતન સોલંકી નામનો શખ્સ ત્યાં ધસી આવ્યો હતો. કાંઈ પણ સમજાય તે પહેલા જ ચેતને તેમના ચહેરા પર આડેધડ ઢીકમુક્કીનો માર માર્યો હતો અને ત્યારબાદ ખિસ્સામાંથી ચપ્પુ કાઢી જીવલેણ ઘા કરવાની કોશિશ કરી હતી.

આ દરમિયાન ચેતન ઈકબાલભાઈની ગાડીના કાચ તોડી પ્લાસ્ટિકની થેલીમાં રહેલા 1 હજાર રૂપિયા, આઈડી કાર્ડ લઈ ભાગી છૂટ્યો હતો.

ચેતન સોલંકીનો પીછો કરવામાં આવ્યો હતો અને ગણતરીની મીનિટોમાં જ તેને મજૂરાગેટ નજીકથી લોકોની મદદથી ઝડપી લેવામાં આવ્યો હતો. ખટોદરા પોલીસે હુમલાખોર ચેતન સોલંકીને કસ્ટડીમાં લઈ તેની સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. સિવિલ હોસ્પિટલ જેવા સુરક્ષિત મનાતા કેમ્પસમાં વહેલી સવારે આ પ્રકારની ઘટના બનતા સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા થયા છે.

હુમલાખોર ચેતન સોલંકીને અગાઉ નોકરીમાંથી કાઢી મુકાયો હોવાથી હુમલો કર્યો: કડીવાલા

આ મામલે ઈકબાલભાઈ કડીવાળા પાસેથી જાણવા મળ્યું છે કે હુમલાખોર ચેતન સોલંકી અગાઉ નવી સિવિલ હોસ્પિટલમાં જ કોન્ટ્રેક્ટ બેઝ પર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો. અવારનવાર વિવાદોમાં રહેતો હોવાથી તેને ડ્રાઈવરની નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો, જેનું ખુન્નસ રાખી તેણે હુમલો કર્યો હતો.

પુણાની હરેકૃષ્ણ સોસાયટીના મકાનમાં શોર્ટસર્કિટથી આગ લાગી

સુરત : શહેરના પુણા વિસ્તારમાં અચાનક જ આગ ફાટી નીકળવાની ઘટના બની હતી. જો કે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડનો કાફલો ત્યાં પહોંચ્યો હતો અને ગણતરીની મિનીટમાં આગને કાબૂમાં લઈ લીધી હતી.પુણા વિસ્તારમાં આવેલી હરેકૃષ્ણ સોસાયટીમાં એક મકાનમાં અગાસીમાં આવેલા સ્ટોર રૂમમાં સોમવારે સાંજે શોર્ટ સર્કિટ થતાં આગ લાગવાની ઘટના બની હતી. જોતજોતામાં આગ ફેલાતા ધુમાડાના ગોટેગોટા નીકળતા દૂર સુધી દેખાતા ત્યાંના લોકોમાં ભય ફેલાઈ જતાં ભાગદોડ થઈ ગઈ હતી. કોલ મળતા બે ફાયર સ્ટેશનની 3 ગાડીઓ ફાયર લાશ્કરોનો કાફલો ઘટના સ્થળે પહોંચીને સતત પાણીનો મારો ચલાવી અડધોથી પોણો કલાકમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આગના લીધે સ્ટોર રૂમમાં અનાજ, ગાદલા-ગોદડા, વાયરિંગ, પંખા સહિતની ચીજવસ્તુઓને નુકસાન થયું હતું. ફાયર બ્રિગેડના સૂત્રોના જણાવ્યા અનુસાર આગ ગંભીર સ્વરૂપ ધારણ કરે તે પહેલા તેને કાબૂમાં લઈ લેવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈની જાનહાનિ થઈ નથી.

(તસવીર : સતીષ જાદવ)

નાતાલ: પ્રભુ ઈશુના જન્મ દિવસની ઉજવણીનો પ્રારંભ

સુરતના સૌથી જૂના એંગ્લિકન ચર્ચને CNI ક્રાઈસ્ટ ચર્ચ તરીકે પણ ઓળખવામાં આવે છે

201 વર્ષ જૂના ચર્ચનું નિર્માણ પશ્ચિમી દેશોની જ્યોર્જિયન શૈલીના ચર્ચની ડિઝાઇન મુજબ કરવામાં આવ્યું છે

સુરતઃ પ્રભુ ઇસુના જન્મદિવસ ક્રિસમસ એટલે કે નાતાલની ઉજવણી શરૂ થઈ છે. ત્યારે શહેરના ખ્રિસ્તી બિરાદારો ચર્ચમાં યોજાઈ રહેલા જુદા જુદા ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઇ રહ્યા છે.

25મી ડિસેમ્બરે શહેરના ચોકબજાર, મુગલીસરા, નાનપુરા અને કેનાલ રોડ પર પ્રભુ ઈસુના જન્મને વધાવવા માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સૂર્યનગરી સુરત સ્માર્ટ સિટી જ નહીં, પરંતુ ઐતિહાસિક શહેર પણ છે. જેના ઇતિહાસ સાથે સંકળાયેલી જૂની ઇમારતો આજે પણ અહીં જોવા મળે છે. ત્યારે આ પૌરાણિક વારસાની ખાસ વાત એ છે કે તે ગુજરાતનું સૌથી પહેલું પ્રોટેસ્ટન્ટ ચર્ચ છે. 201 વર્ષ જૂના આ ચર્ચનું નિર્માણ પશ્ચિમી દેશોની જ્યોર્જિયન શૈલીના ચર્ચની ડિઝાઇન મુજબ કરવામાં આવ્યું છે. આ ચર્ચની ખાસ વાત તેનાં ગ્લાસ વિન્ડો પેઇન્ટિંગ છે.

જેની ઉપર પ્રભુ ઈશુના જીવન ચરિત્રનાં પેઇન્ટિંગ છે, જે વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે.

સ્ટેઇન ગ્લાસ વિન્ડો પ્રભુ ઈશુના જીવન ચરિત્રના દર્શન કરાવે છે

ચર્ચના ફાધર રેવરન્ડ ઉદય જણાવે છે કે, સુરતના સૌથી જૂના એંગ્લિકન ચર્ચની વિશેષતા સ્ટેઇન ગ્લાસ વિન્ડો છે. અત્યંત દુર્લભ કહી શકાય તેવી આ સ્ટેન્ડ ગ્લાસ વિન્ડોમાં ભગવાન ઈસુના જન્મ તેમજ ગભાણનાં દૃશ્યોનો કલાત્મક રીતે નિર્દેશ કરવામાં આવ્યો છે. આ ગ્સાસ ખાસ આયરલેન્ડથી આવ્યા છે અને સ્ટેઇન ગ્લાસ ઉપરની પેઇન્ટિંગ જોવા માટે દેશ-વિદેશથી લોકો આવે છે. તેની ખાસ વિશેષતા પણ એ છે કે, સૂર્યોદય થયા પછી તેનો પ્રકાશ આ ગ્લાસ પેઇન્ટિંગ પર પડે છે. ત્યારે તેની ઉપર પેઇન્ટ કરેલાં ચિત્રો બોલી ઊઠે છે. આ સહિત આ ચર્ચમાં આટલાં વર્ષો બાદ પણ કોઈ ફર્નિચર બદલવામાં આવ્યું નથી. એ જ લાકડાંની બેન્ચ, લાકડાંનાં બારી-બારણાં જેના પર હાલ ફક્ત પોલિસ કરવામાં આવ્યું છે. પરંતુ ખાસ વાત એ છે કે, વર્ષ-2006ના સુરતમાં આવેલી રેલમાં તે સંપૂર્ણ ડૂબી ગયા બાદ પણ આજેય એ જ પરિસ્થિતિમાં હયાત છે. આ ઉપરાંત ચર્ચના ટેરેસ પર 200 વર્ષ જૂનો બેલ પણ છે. જેને લંડનથી મંગાવવામાં આવ્યો હતો અને દર રવિવારે સવારે 9 વાગે ભક્તિ-ભજન પહેલા તેને વગાડવામાં આવે છે. આ બેલનો કર્ણપ્રિય અવાજ આજુબાજુના પાંચ કિલોમીટર સુધીના વિસ્તારમાં પણ સંભળાય છે.

200 વર્ષ જૂનું બાઇબલ આજે સારી સ્થિતિમાં

૧૮૨૪માં ચોકબજાર સ્થિત CNI ચર્ચ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. એ સમયે ઇસ્ટ ઇન્ડિયા તરીકે જાણીતો ભારતનો ભાગ અને આજે કોલકાતાથી ઓળખાતા શહેરમાંથી સંતો પગપાળા સુરત આવ્યા હતા. તેઓ પોતાની સાથે આ બીજું ઐતિહાસિક બાઇબલ લઇ આવ્યા હતા. આ બાઇબલ પણ ઈંગ્લેન્ડમાં જ ઈ.સ.૧૮૧૯માં પ્રિન્ટ થયું હતું અને બે સદી જૂનું આ બાઇબલ વર્ષ-૧૮૨૪થી જ સુરતના CNI ચર્ચનો હિસ્સો બની ચૂક્યું છે. શહેરનાં સૌથી જૂનાં પુસ્તકોમાં આ બાઇબલનો સમાવેશ થાય છે. જેને ફક્ત ક્રિસમસના તહેવાર પર જ અહીં આવતા શ્રદ્ધાળુઓ માટે મૂકવામાં આવે છે.

વેડ રોડના વિશ્રામનગરમાં દીવાના કારણે આગ લાગી

સુરત : શહેરના વેડરોડ ખાતે આવેલા વિશ્રામનગરમાં અગાની ઘટના બની હતી. દીવાના કારણે લાગેલી આગમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.પ્રાપ્ત માહિતી મુજબ, બીજી બાજુ વેડ રોડ વિસ્તારમાં આવેલા વિશ્રામનગરમાં એક મકાનમાં સોમવારે સવારે પરિવારના સભ્યોએ મંદિરમાં દિવાબત્તી કરી હતી. બાદમાં મંદિરમાં એકાએક આગ ભડકી ઉઠી હતી. જેથી ઘરમાં રહેતા લોકો તરત દોડી આવીને પાણીનો મોરો ચલાવ્યા હતા. કોલ મળતા ફાયરજવાનો ત્યાં પહોચ્યા હતા. તે પહેલા ત્યાં હાજર લોકોએ આગ બુઝાવી નાંખી હોવાનું ફાયર ઓફિસરે કહ્યું હતું. આગના લીધે મંદિર, ગાદલા સહિતની વસ્તુઓને નુકસાન થયું હતું. આ બંને બનાવોમાં કોઇ ઇજા જાનહાનિ થઈ નહીં હોવાનું ફાયર ઓફિસરે કહ્યું હતું. આ પહેલા પણ શહેરમાં દિવાની ઝાળથી આગ લાગી હોવાની બે ઘટના બની ચૂકી છે.

વરિયાવના RBH સેન્ટરની લિફ્ટમાં 6 લોકો ફસાયા

અડધો કલાક ફસાયેલા રહ્યા, ફાયર ટીમ આવે તે પહેલાં સહીસલામત બહાર નીકળી ગયા

સુરતઃ શહેરના વરિયાવ ખાતે આવેલા એક શોપિંગ સેન્ટરની લિફ્ટમાં ગત રાત્રે પાંચથી છ જણા ફસાઈ ગયા હતા. લિફ્ટમાં ફસાતા લોકો ગભરાયા હતા. શોપિંગ સેન્ટરમાં હાજર લોકોએ આ ઘટના અંગે ફાયર કન્ટ્રોલમાં જાણ કરવામાં આવતા ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જોકે તે પહેલાં તમામ લોકો સહીસલામત બહાર નીકળી ગયા હતા. અડધો કલાક સુધી તમામ લોકો લિફ્ટની અંદર ફસાયેલા રહ્યા હતા.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વરિયાવ ખાતે આરબીએચ શોપિંગ સેન્ટર આવ્યું છે. રવિવારે મોડી રાત્રે પોણા 11 વાગ્યે પાંચથી છ જેટલા લોકો લિફ્ટની અંદર ફસાય ગયા હતા. ત્રીજા માળ ઉપર લિફ્ટ અચાનક અટકી જતાં આ તમામ લોકો બહાર નીકળી નહીં શક્યા હતા અને અંદર જ ફસાયા હતા. લિફ્ટ અધવચ્ચે જ અટકી જતાં અને દરવાજો નહીં ખુલતા અંદર ફસાયેલા લોકો ખૂબ જ ગભરાયા હતા.

ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. વધુમાં ફાયર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે અમારી ટીમ સ્થળ પર પહોંચી હતી તે પહેલાં તમામ લોકો સહીસલામત બાહર નીકળી ગયા હતા. લિફ્ટ ઓટોમેટિક હતી એટલે જાતે જ નીચે આવી ગઈ હતી અને તમામ લોકો સહિસલામત બહાર નીકળી ગયા હતા. જોકે તેઓ અડધો કલાક સુધી અંદર ફસાયા હતા. ફાયર બ્રિગેડે રેસક્યુ કરતાં ફસાયેલા તમામ લોકોએ રાહતની લાગણી અને હાશકારો અનુભવ્યો હતો.

કરદાતા વચ્ચે ભેદભાવની કાસનીઅરજીHCએસ્વીકારી

નાણાકીય વર્ષ 2020-21માં પોર્ટલની ખામીઓ, કોરાનાની સ્થિતિના કારણે વિલંબ વ્યાજ વસૂલવું અન્યાયપૂર્ણ

સુરતઃ કોરોના મહામારીથી પ્રભાવિત વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન (નાણાકીય વર્ષ ૨૦-૨૧) ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલિંગ પ્રક્રિયા ગંભીર રીતે ખોરવાઈ હતી. ઈન્કમટેક્સ પોર્ટલની સેવા TCS પાસેથી Infosysને સોંપ્યા બાદ ઊભી થયેલી ટેકનિકલ ખામીઓના કારણે કરદાતાઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને CBDT દ્વારા પરિપત્રો મારફતે રિટર્ન ફાઈલ કરવાની તારીખો લંબાવવામાં આવી હતી, પરંતુ કલમ 234A હેઠળ વ્યાજ માફીનો લાભ માત્ર એક લાખથી ઓછી બાકી કરરાશિ ધરાવતા કરદાતાઓને જ આપવામાં આવ્યો હતો. આ રીતે એક લાખની મર્યાદા નક્કી કરીને કરદાતાઓ વચ્ચે ભેદભાવપૂર્ણ અને મનમાની વર્ગીકરણ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

CAAS દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. CAASનું દલીલ હતી કે કરદાતાઓ દ્વારા કોઈ જ ઈચ્છાપૂર્વકની ડિફોલ્ટ કરવામાં આવી નહોતી, પરંતુ પોર્ટલની સિસ્ટમિક ખામીઓ અને કોરોના સંબંધિત પરિસ્થિતિઓના કારણે વિલંબ થયો હતો. આવી સ્થિતિમાં વ્યાજ વસૂલવું અન્યાયપૂર્ણ છે. ૧૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ગુજરાત હાઈકોર્ટએ આ મામલાને સ્વીકારી CAASને CBDTના પરિપત્રોની કાયદેસરતા સામે ખાસ કરીને પડકાર કરવા માટે વધારાનું શપથપત્ર દાખલ કરવાની મંજૂરી આપી હતી. આ મહત્ત્વપૂર્ણ મામલામાં ટેક્સ બેન્ચ સમક્ષ વકીલ તુષાર હેમાણી અને વકીલ અવિનાશ પોદ્દાર દ્વારા દલીલો રજૂ કરવામાં આવી હતી.

નાનપુરા ટીમલીયાવાડમાં જૈન દેરાસર સામે ભંગારનાં દબાણો દૂર કરવા માંગ

સુરતઃ નાનપુરા વિસ્તારના ટીમલીયાવાડ ખાતે આવેલા કદમ્બ ભવન સામે આવેલું કલાત્મક જૈન દેરાસર વિસ્તારના ધાર્મિક અને સાંસ્કૃતિક ગૌરવ તરીકે ઓળખાય છે. દરરોજ મોટી સંખ્યામાં ભક્તો અહીં દર્શન માટે આવે છે. પરંતુ દેરાસર સામે તથા તેની તરફ જતાં મુખ્ય રસ્તા પર થયેલા દબાણને કારણે ભક્તો અને સ્થાનિક રહીશો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.જૈન દેરાસર સામે ભંગારની દુકાન દ્વારા ભંગારનો સરસામાન રસ્તા ઉપર ફેલાવી દેવાતા સમગ્ર રોડ બંને બાજુથી ભરાયેલો રહે છે. ઉપરાંત કાદરશાની નાળથી અર્પણ એપાર્ટમેન્ટ થઈને જૈન દેરાસર તરફ જતો રસ્તો પણ કેટલાક લોકો દ્વારા ભંગાર લે-વેચના ધંધા માટે ઉપયોગમાં લેવાઈ રહ્યો છે. પરિણામે આ રસ્તો વાહનવ્યવહાર માટે લગભગ બંધ સમાન બની ગયો છે.

સંક્ષિપ્ત સમાચાર

સુરતમાં આવેલા દેશના સૌથી મોટા મલ્ટિપ્લેક્સ 'રાજહંસ પ્રેશિયા'નું એક વર્ષ પૂર્ણ

સુરતઃભારતના સૌથી મોટા મલ્ટિપ્લેક્સ તથા 14 સ્ક્રીન અને 3000+ બેઠકો ધરાવતા, 'પ્રેશિયા'એ તેના લોન્ચિંગ બાદ સંચાલનનું એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. પ્રેશિયાના પ્રથમ વર્ષની ખાસ હાઇલાઇટ, સુરતમાં IMAX ફોર્મેટની રજૂઆત હતી. IMAX સ્ક્રીન વધુ સારી વિઝ્યુઅલ ક્લેરિટી અને કોન્ટ્રાસ્ટ પ્રદાન કરે છે. આની સાથે જ, તેમાં ઇમર્સિવ, મલ્ટિડાયરેક્શનલ સાઉન્ડ પણ છે જે પ્રેક્ષકોનું મનોરંજન વધારે છે. 'પ્રેશિયા'ની આ ઉપલબ્ધિ અંગે રાજહંસ ગ્રુપના ચેરમેન જયેશ દેસાઈએ જણાવ્યું હતું કે, "રાજહંસનું વિઝન હંમેશા વિશ્વના સૌથી શ્રેષ્ઠ મનોરંજન અનુભવોને ઘર આંગણે ઉપલબ્ધ કરાવવાનું રહ્યું છે. 'પ્રેશિયા' સાથે, અમે સુરતમાં ફિલ્મો જોવાની રીત બદલી નાખી છે અને પ્રેક્ષકોને એક્સ્ટ્રાઓર્ડિનરી અનુભવ આપ્યો છે. અમે પ્રેક્ષકોને વર્લ્ડ-ક્લાસ મનોરંજન અનુભવો આપવા માટે પ્રતિબદ્ધ છીએ'. રાજહંસ સિનેમાઝ દેશભરમાં તેની હાજરીનો વિસ્તાર કરી છે. હાલમાં સમગ્ર ભારતમાં તેની 160 થી વધુ સ્ક્રીનો કાર્યરત છે અને ચંદીગઢ, મુંબઈ, ચેન્નાઈ, બેંગલુરુ, પુણે, કોલકાતા અને હૈદરાબાદ સહિતના શહેરોમાં 65+ સ્ક્રીનોનું ડેવલપમેન્ટ કાર્ય જારી છે.

ગ્રીનમેન વિરલ દેસાઈએ સતત ત્રીજી વખત રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ પુરસ્કાર જિત્યો!

નવી દિલ્હીઃ ગુજરાતના જાણીતા પર્યાવરણવિદ અને ઉદ્યોગપતિ વિરલ સુધીરભાઈ દેસાઈને નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં આયોજિત ભવ્ય સમારોહમાં પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. દેસાઈએ ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે આ પુરસ્કાર સ્વીકાર્યો હતો. ઊર્જા સંરક્ષણ અને પર્યાવરણ સુરક્ષામાં તેમના અસાધારણ યોગદાન બદલ આ તેમનો સતત ત્રીજો ગોલ્ડન ટ્રોફી અને કુલ છઠ્ઠો રાષ્ટ્રીય પુરસ્કાર છે. ગ્રીનમેન તરીકે જાણીતા વિરલ દેસાઈની કંપની ઝેનિટેક્સે ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ માટે અદ્યતન પદ્ધતિઓ અપનાવવા બદલ રાષ્ટ્રીય સ્તરે માન્યતા મેળવી છે.

ધી રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થિનીએ સાઇકલિંગમાં બ્રોન્ડ મેડલ મેળવ્યો

સુરતઃ સુરતના જહાંગીરાબાદ સ્થિત ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલની ગુજરાતી મીડિયમની ધો.૯ની વિદ્યાર્થિની મૈત્રી વસાવાએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત રાજ્ય સ્તરીય સાયકલિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સાયકલિંગ ટ્રેક અને સાયકલિંગ રોડ એમ બન્નેમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. વિદ્યાર્થિની હવે તા.10મી જાન્યુ.થી 17મી જાન્યુ. સુધી ઓડિશામાં પુરી ખાતે યોજાનારી સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરશે. આ પ્રસંગે શાળાના વાઇસ પ્રેસિડન્ટ જીગ્નેશભાઈ માંગુકિયા, મેનેજિંગ ડિરેક્ટર કિશનભાઈ માંગુકિયા, કેમ્પસ ડિરેક્ટર આશિષ વાઘાણી તથા પ્રિન્સિપલ ડો. વિરલ નાણાવટીએ મૈત્રી વસાવાને હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

દીપક ઈજારદારના પુત્રના જન્મદિવસે નવી સિવિલમાં અનાજની 1200 કિટનું વિતરણ

સુરતઃ સામાજિક અગ્રણી દીપક ઈજારદારના પુત્ર ધ્યેય ઈજારદારના જન્મદિવસના પ્રસંગે નવી સિવિલ હોસ્પિટલમાં પહેલી વખત એકસાથે અનાજ અને કરિયાણાની ૧૨૦૦ કિટ તેમજ ૧૨૦૦ ટુવાલ જરૂરિયાતમંદ દર્દીઓને અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, હોસ્પિટલના બાળકોના વોર્ડમાં આવેલા ટોયઝ રૂમમાં રમકડાંઓની ભેટ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, આર.એમ.ઓ. ડો. કેતન નાયક તેમજ ઈજારદાર કુટુંબના સભ્યો